યમુના.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મુંબઇ નવી ગુજરાતી નાટક મંડળી.

મુંબઇ.

"સાક્ષર સદ્ગુણક પ્રજા પ્રબોધક" પ્રિંટિંગ પ્રેસમાં

દી૦ સા૦ ગીદરે છાપ્યું.

કિમત રૂ. ૦-૨-૦

૬૬૨૭

યમુના.

૧

સખીઓ—હો ધરીને પૂર ઉર ઉમંગરે સાહેલી મારી
સ્નેહથી રમિયે આવો સંગરે
રૂડો છે સૌથી સખી આજનો પ્રસંગ
ઝલકે છે દિવાસાનો રંગરે. સાહેલી મારી
સ્નેહથી૦
આ સંસાર સુધારવા ધરો પતિપર પ્યાર;
રહો હૃદયમાં રસભરી, પિયુ સંગે સુખકાર
ચતુરા ચતુરાઇ વડે ચાલો શુભ ચાલથી
મ્હાલો સુનીતિ પ્રીતિ ધારી અંગરે હો ધરીને૦
આવો અલબેલી અહીં, અંગ ધરી ઉછરંગ
આપું અતિ ઉપયોગની, શીખામણુ ભલી શુભ રંગ
સખિ સાચવી કુળ મરજાદ, સુખમાં વસિયેરે
નહિ કદિ પણુ વદિયે વાદ, ખળથી ખસિયેરે
રંગીલી રસીલી છેલ છબીલી, વાલમને ન વિસારિયે,
શૃંગાર સ્વામીની સેવાને જાણી, ચિત તેમાં નિત્ય ધારિયે
રૂડા રૂડા ગ્રંથ વાંચી હમેશાં, કરિયે નહીં નીતિભંગરે
ચતુરપણે એમ વરતી જગતમાં, પામીએ સુખ નવરંગરે
હો ધરીને૦

૨

સખી—વિરહ સહ્યો નવ જાય. પ્યારી તુજ વિરહ૦
જીવનદોરી મુજ મન પતંગ તુજ સંગ ભ્રમિત
બહુ થાય. પ્યારી.
રઢિયાળી, રતિવાળી, મતવાળી, ઓ વ્હાલી,
ક્યારે તું અધરરસ પાય. પ્યારી.
મદન સદન તુજ વદનની યાદે, ચંદ્ર જાણે ઝંખવાયે
એહ કલંકી ચોર બની મુજ પ્યારી આનંદને ચોરી જાય.
પ્યારી.

૩

સખી—ઓ પ્યારી શાને તું રીસાઈ જાય.
કટાક્ષો ફુલાવતી, મુજને ગભરાવતી. ઓ પ્યારી શાને.
ઓ સુખવેલી, માન દે મેલી, થાય શું ઘેલી, કાં રીસાઈ.
વાંક શું મારો, તેં નિરધાર્યો, તો ગે હું હાર્યો, કાં રીસાઇ.
આનંદકારી, આવ ઓ પ્યારી, મુગ્ધા મ્હારી કાં રીસાઇ.
સ્વપ્ન ઘડી, આ નિવડી, રસિકડી. શાને રીસાઇ.

૪

યમુના—શઠ સાસુડીનું સાલ, છે સંકટકારી
વહુ વિપદ વિષે બેહાલ, બહુ બહુ બનનારી
વિના વાંક બહુ વાંકા બોલે, કટાક્ષ વચનો ક્રુરરે
ધાક રાખવાં બહુ ધમકાવે, દ્વેષ થકી ભરપુર
એ સંકટકારી.
આળ ચડાવે ફાળ પડાવે વળી અડાવે ગાળરે
નફટ નભાઈ વગેરે શબ્દો, મુખ બોલે તત્કાળ
એ સંકટકારી.
છાની રહીને છિદ્રો શોધે, કરે અચાનક ક્રોધરે
થરથરાવી દે જો કોઇ વચમાં, દેવા આવે બોધ
એ સંકટકારી.

૫

યમુના—કરી પાપ અમાપ પાપી, સહે તાપ શકે કો કાપી? કરી.
પરાધીનપણામાં સ્વપ્ને ન સુખરે પશુથી પણ હીણ પણું રે. કરી.
પરણ્યા છતાં પણ વિયોગનું દુઃખરે, ગુપ્તપણે રડું ઘણું રે. કરી.

૬

ગંગાધર-અરેનારી મારી નવયૌવના નવ મન ધાર્યું મારું બનતું જરી.
સંસાર સુખ નવ ભોગવાય. સદન તદન વન સમ ગણુકારૂં
અરણ્ય રૂડું જો વસી શકાય. અરે. કાય સુકાય, મન મુઝાય,
રવડયાં હાય, ધીર જરાય, નહીં ધરાય અવ ઉરમાંય
ચિતમાં થાય અતિશય ચિંતાય ન ઉપાય કાંય. અરે.

૭

શંક વિના પણુ રાંક થવું પડે
અભાગ્ય છે આપણું રે. કરી૦

૮

યમુના—પ્યારા માનો જરા મુજકેરી વાત.
ગંગાધર—"છોડી દે, જવાદે."
યમુના—ધરી હાથ છોડો સાથ રે નહીં નાથ.
એ રીત ન રૂડી. માનો.
ભર્તા ન થતા કુલટા ક્યાં જતા
ન સુણો વિનતિ, પતિ અતિ મમતી
માનો માનો આ શાણારે જાણો.
હ્યાં રહો, પ્રાણુ ઓ. માનો.
ગંગાધર—અવહાય, ન વહાય, ન સ્હેવાય, નિરૂપાય
દે જવા મુજને, કહું છઉં તુજને.
નારી મારી ઓ ધારીરે ભારી
પીડને, દે રજા મને. માનો.

૯

યમુના—હે કરૂણાસિંધુ! વિકટ સહું હું સંકટ
કૃપા ધારો કૃપા ધારો ઉગારો દયાધર
નહીં તો ન આરો દુઃખદ ભવસાગર
કૃપા ધારો.

૧૦

મોજીપંત—વાહ પૈસા પ્યારા મુજને, પૈસા પ્યારા પ્યારા
વાહ લાગે સારા મુજને પૈસાના દેનારા
પૈસા સુખ કરનારા, લાગે સારા સારા. વાહ.
ખનનનન ખુબ ખુબ ખનનનન ખુબ ખુબ
પૈસા વાડી પૈસા ગાડી પૈસા પ્યારા પૈસા પૈસા પૈસા

૧૧

મોરોપંત—બકવા કરતાં કંઇ લાજ ધરો નહીં તો થાવી સજા.
છોકરાઓ—સુખચેન ઉડાવ જા ભોગવ મજા
ખનન ખનન ખનન ખનન ખનન ખનન ખનન ખનન
મોરોપંત—દુર જાઓ નહીં તો કરીશ ઇજા હજી પણ ન તમે સમજ્યા.
લટકાવું દોરડે ફટકાવું કોરડે અટકાવું ઓરડે ઝટકાવું જોરડે
છટકાવું આખરે ભટકાવું ભૂપરે.
છોકરાઓ—શાને મારે ખાલી ખીજ ગાઇ નાચી કુદી રીઝ
પૈસાથી ભરેલા ખીસા વાહવા તો શાને સારું તું રીસા—

૧૨

અંગ્રેજ છોકરાઓ—દેવીસિંહ બંડખોર હેઝ બીન ટડે
ડીયર ડીયર ડેન્જર ડેન મચ.
માસ્તર ડાનિયલ—હુ ઇઝ દેવીસિંહ બંડખોર બીફોર મી
આઇ હેવ સીન મેની મેન સચ.
અંગ્રેજ છોકરાઓ—આઇ થીંક ગેર્સ ઑલ ધીસ ઇઝ બોશ
નોન્સેન્સ ધીસ ઇઝ સરરરરરર
ધીસ ઇઝ પ્રેટી, ઑલ વેનીટી
નોડાઉટ ઇન ઇટ બીટ.

૧૩

રાખ્યા }
ગણ્યા } —નોકદાર વાંકડી ટોપી હાયે શીરાવર
એટબાજ પોશાક હાતામંદી નંગી શમસીર
સરદાર બાણીચા ડોલ મજેચા છોક નોકદાર
બગુન સાહેબાલા દેવીસિંગ બંડખોર કાંપે
થર થર
માવલચે રહનાર આમચા બાના રનસૂર
પીયુન દારૂ આજ આહમી મજા કરૂં ફાર.

૧૪

નાનાસાહેબ—રમા રૂપ ભરી નરી રસ ભરી.
હિમ ઉતરી ગગનથી પરી લીધું મન હરી

રે તીરછાં નિજ નયનો કરી
જાદુ વાપરી છોડી તીર સરરરરરરરર
જખમ ગઈ કારી કરીરે
લટકતી ચાલ જાણે હંસણી
દમકતિ દામીનીસી તારૂણી
છે આંખ ભલી અણિયાળ
ગોરીના ગુલાબ સરખા ગાલ
હોઠ છે લાલ શુભ પરવાલ
કંઠમાં મુકતાફળની માલ
ધનુષ્યાકૃતિ ભલા ભ્રૂભાલ કરે બેહાલ
વસી રહી મન લલના ચિત ચરરરરરરરર
ઉર ઉપજયું વ્હાલ ભેટું બાથ ભરીરે.

૧૫

યમુના—પાપી સુખી કદાપી ન થાશેરે
એતો પાછળથી પસ્તાશેરે—પાપી.
રૂંવે રૂંવે કીડા પડનારા
આખર ખર નર સડી મરનારા
નરકવાસ અંતે કરનારા
દંડ દેવ તેને દેનારા—પાપી.

૧૬

નાનાસાહેબ—પ્યારી મારી શય્યા શોભાવો ઝટ આવો
બહુ ભાવો બહુ ભાવો.
યમુના—શાને નાહક અકબક ટકટક કર મૂરખ
તું બની આવો જા ઓ. પ્યારી.
જીભમાથી ઝેર કેમ ઝરે ઝરઝર
પ્રભુદત વાચાને વિચાર કરીને વાપર.
નાનાસાહેબ—જા માની મુજ વાણી થઇ શાણી ઓ જાની
મનમાની છોડી દે નાદાની નહીં તો હાણુ
યમુના—એ પિછાણી છે દીવાની જુવાની જરૂર જાણી
નાનાસાહેબ—સુખકર આવો કાં ઓ લાવો ગુમાવો. પ્યારી.

૧૭

ત્રીજો માણસ—કાળને ચક્રે ચડી ચાલે છે જગત આ. ચાલે.

કળા કાળની સકળ અકળ કહે
ચડતી પડતીના નિયમ અચળ છે
અદના હતા તે થયા છે આલા
સ્થળ જ્યાં હતું ત્યાં હમણા જળ છે
અબળ હતા તે હાલ સબળ છે
વેરી હતા તે બન્યા છે વહાલા. ચાલે.

૧૮

છઠ્ઠો માણસ—શુભ ઉદ્યમથી સુખને પામે. વિપદો વ્હેલી વામે.

નિરખે ચડતી ચડતાં કામે આળસ આપ વિરામે
દિસે સર્વદા પ્રેરક હામે ઉદ્યમ કર્મની સામે
પૂર્વ તણો જે ઉદ્યમ જામે તેજ કર્મને નામે

૧૯

યમુના—વિભુ લાગ્યો દાવાનલ હાયે એ તે શી રીતે બુઝાયે

એ શા પ્રકારે ઓલાયે એ શાંત કેમ કરી થાયે
ધીરજ નહીં ધરાય, કો કેરી માગું સહાય. વિભુ.
દુ:ખ ઉદધીમાં ભરતી આવી એમાંથી કેમ તરાય
ન શાંતિ બહુ ભાંતિ દુ:ખાતી ન સુખ જીવ્યાથી છે
થડકે છાતી રે મરવાથી સુખ આશા રખાતી સારૂં
જો દે માર્ગ (૨) ધરતી જાઉં તેથી હું છૂટી.
દુ:ખેથી છૂટું દુ:ખેથી. વિભુ.

૨૦

જોગણ—ધારણા તું ધારરે, વિઠલ કરશે વ્હારરે.

ભક્ત ન વીસરે રે જી
હિંમત નવ હારરે, પ્રભુ પાડે પાર રે
વિપત વાદળ વિભુ હરે રેજી
નોધારા આધારરે રામ નામ સાર છે રેજી
ભ્રદ ન કદી અનાથતણા નાથનું કરનાર—ધારણા૦

ભક્તની પ્રભુ સારરે, વ્યાઘ્ર પંજાથી કરનાર છે રેજી
માટે વિશ્વાસ ધરી વિષ્ણુને સંભાર—ધારણા૦

૨૧

જોગણ—કહોને ઓધાજી હરિ ન આવ્યા રે
મન કઠણ કરીને ભરાણા—કહોને૦
સાસરીઆમાં શું સુખ પામી
પિયરને લાગે પ્યારી રે.
સહીયર સમાણી મુને મેણલા મારે
આવ્યાને શું બાઝોરે—મન કઠણ૦
કાગળીઆનો કારજ પડીયો,
મોહન લખી કેમ ન આવ્યો રે
જગના જીવન તમને ઘટે નહીં આવું
શેણે સમાચાર ન આવ્યા રે—મન કઠણ૦
બીન બજાવી વાલે વનમાં તેડાવ્યા
લાગી કોણ બુઝાવેરે
ભેળાં બેસીને આપણે ભોજન જમતાં
નેણમાં નિદ્રા ન આવે રે—મન કઠણ૦
પીર ગોશલ અહીં આવો ગીરધારી
તમપર જાઉં વારી વારીરે
પ્રીતડલી તો અમને બહુ પ્યારી લાગે
ઘડી ઘડીના ગુણ ગાવા રે—મન કઠણ૦

૨૨

ચાંદ્રીની બે બેહેનો—સુનિયે યશોદા અરજી લુટત દધી કૃષ્ણજી
ક્યા આપકી યહ મરજી કે છોડે હમ ગોકુલજી
હય લાલ મેરો છોટો લુટે દધી ક્યોં ઓ તો
એ ખ્યાલ તુમરો ખોટો બીન દેખે માનું ક્યોં યોં

૨૩

ચાંદ્રીની બે બેહેનો—ઠાડો છેલ કનૈયારે. ઠાડો૦
તટ જમુનાપે બંસરી બજાય રે

મુરલીકી ધુન સુન ધાઇ પનઘટપેં
મોહે દીની બાવરી બનાયરે
જાદુ ભરી શ્યામ તેરી એ અંખીઆ
દેખકે મછલીઆં લજાયરે
નંદકો નંદન બ્રજકો હે બંદન
ઉસ્કો મેં લું કેસે મનાયરે

૨૪

ચંદ્રી—આપે મને કીધી ઘેલી ઓ રંગીલા સાલે અતિ વિયોગ આપનો રે
સાલે અતિ વિયોગ આપ વિના રંગ રાગ આગ સમ
મેં લીધો તો જોગ. આપે૦ ખાવું ન ભાવે ઉંઘ ન આવે
શૃંગાર લાગે અંગાર જળ વણ વેલ સુકાય ત્યમ હું
બની હતી દીલદાર. આપે૦

૨૫

ગંગાધર—ધિઃકાર ધિઃકાર નાર વારમવાર ધિઃકાર
તારાપર કરી પ્યાર હું તો થયો ખ્વાર
ચંદ્રી—તુજ જેવા મૂર્ખાને ઘટે છે ધીટકાર
મોજીપંત—ઠીક બન્નેની ચાલે છે તકરાર
ગંગાધર—તું છું જગને દેનાર દુઃખ અપાર નિરધાર
ચંદ્રી—નાહક બકબક કરવામાં નહી સાર

અંક ૨ જો.

૨૬

વારાંગનાઓ—જગે પ્રતાપી પૂરરાજવી કહાવો રાજનમાય
રાજનમાય સાજનમાય હાં મહાજન માંયરી   પૂર૦
જય જય વિજય વિજય હો દીગંત સુધી તમારો
છાઈ છે કિર્તિ ન્યાયથી પૂરતી શુર પૂરછો દેવ નુર છો
મહા મુલછો ગુણી ફુલ છોરી—પૂર

બેઠા સીંહાસને સુર્ય પ્રભા મુખ મનોહર શોભે
રૂપાલા ગુણાલા દયાલા મયાલા હો પૂ૨૦
રંગીલા રસીલા નરેશ
રાજ બેશ તાજ બેશ રાખે હો જગેશ

૨૭

વિદુષક—આ વાત મારી ટુંકી ને ટચ કહું આવાર
સાંભળો વિચાર કરી લહે જો એ સાર
રાજા મહારાજા ત્યાં સુખ શેનું હોય
કારભારી કેરાં જુલ્મમાતે પ્રજા રોયે
દાદ ન લહે કોય બેઠા બેઠા જોય. મરશે સૌ તોયે.
આ સુખી પ્રજા એવી છે દેશમાં અપાર
લાંચીયા સીપાઇ મારે લાત રાત દહાડો.
વેઠે જોડે મનુષ્ય જેમ પાડ પાડો
એવાને કાઢો પાપીને તાડો કરો સુખ વાડો
તો થાશે સુખ પ્રજા સદાય રાજ દ્વાર
સાચું કહેવું ગમે નહીંજ બાપુ માને
જાણો તો એજ ખરી વાતએ પ્રમાણે
જો દીલડું માને લોકો વખાણે મીઠી માઠી વાણે
તો સલ્લાહ સત્ય માનજો ગોપાલ ધાર.

૨૮

પ્રતાપ—નથી નીચ લોકોની પરવા મને કંઇ
ભલાની નજરમાં ભલોછું જહીં તહીં
બુરા લોક નિંદે કદી મતલબે કંઇ
કરે ભોગવે તે નકી તે જહીં તહીં. નથી.
ખરો ન્યાય છે જો કદી આજ મારે
ભલે કોઇ ગોપાલ કુદે જહીં તહીં. નથી.

૨૯

ગંગાધર—જગત નારી, સાથ યારી, બાંધી કીધી તેને પ્યારી
વફાદારીવાળી ધારી

અવિચારી હું વ્યભિચારી જગત.
હાલહવાલ હાલત હાલ, બની છેક મારી નિહાળ
ઉપજી મતિ અતિ નઠારી, દુઃખકારી કહુ કોનેરે—જગત૦

૩૦

ગંગાધર—સુવિચારી ધારી ધારી સંસારે સંચરો
ઓ તરૂણો યારી પ્યારી, બહુ તેથી દીલ ડરો
કુઃસંગે અંગ રંગીને, તગીમાં કાં મરો
દુર્ગુણિથી ખાસ ત્રાસી, ફાંસીમાં ના સરો
યૌવનનો છદ ફંદી છે, ચેતીને ડગ ભરો
વધવાનું દ્વાર સારૂં યૌવન છે મન ધરો.

૩૧

દેવીસિંહ—ભવ ભવ સમુદ્રથી તારનાર
વદુ પ્રેમે જય જગ ઉદ્દાર—ભવ૦
પીડ હરો પ્રભુ આપ અમારી,
જય કૃપાળુ જય અભય વિજય કર
મહાગરલ કંઠ નગવર વિહાર. ભવ૦
સ્તુતિ કરે સુર સર્વ તમારી
જય મહેશ જય ચરણ શરણ ધર
દેશ વિપદ સર્વ સુરવર વિદાર. ભવ૦

૩૨

દેવીસિંહ—વાહવા સારૂં, જીવન સુધાર્યું
જેણે વિચાર્યું, હેતે જન હિત પ્યારૂં
વિઘ્નનો વર્ષો વરસાદ, તોય ન ધારે પ્રમાદ
દેશના ભોગે આબાદ, થાવા કદી ન ધાર્યું—જીવન૦
દેશ કેરી દેખી હાણ ઇચ્છે દેવા પ્રાણ દાન
કોણ ગણે તગાન માન, ધન્યવાદ ઉચ્ચાર

૩૩

રણુમલ—ધિઃક ધિઃક એ જીંદગાની પ્રતિષ્ઠાની એથી હાની
તનમનધનની તદન ધુળધાણી અંતે નર્કે જવાની નિશાણી. ધિક૦

૩૪

દેવીસિંહ—ધીર વીર થઈ જાઓ સહુએ તૈયાર અરિદળને દેવા સારૂ હાર
બહુ દિનથી પ્યાસી છે તરવાર તેને તૃપ્ત કરો આ વાર
લશ્કર—સુણિયે અમારા સરદાર છીયે અમે નિરધાર
આપ પ્રત્યે વફાદાર નથી મોતથી ડરનાર
ઉમંગ ઉરે અપાર આપનો બોલવવા જય જયકાર
દેવીસિંહ—ધરો કદમ બરોબર ન ફેરફાર, તેમાં રાખો તલભાર

૩૫

નાનાસાહેબ—મનમોહક એ મોહીની સંગ રંગ જમાવું
(૨)
ઉપવન સુવાસકાર, તેનો માલી હું નિરધાર
યૌવન તણો બજાર, તેનો હું ખરીદદાર
ચમન ઉડાવું, મદન જગાવું
જો ભોગવું એકવાર, તો બંદાનો બેડો પાર
જીવતાં સ્વર્ગમોઝાર, ગયો જાણે સુખકાર

૩૬

ગોપીકાબાઇ—સતી સીમંતીની શુદ્ધ નારી
તેની વિપદ વિભુએ વિદારી રે. સતી૦
જીવન તેનો જળમાં ડુબ્યો તો
જીંદગી થઇતી અકારીરે. સતી૦
તોપણ ધીરજ ધારી રહેતાં
સંકટ વિકટ ખુબ સહેતાં
આખર ઇશ કૃપાથી ફરી તેજ સ્વામી
મળ્યો સુખકારી રે.

૩૭

યમુના—માતાજી મારી મટે નહીં દુઃખ મારૂં
છે મરવું હવે સારૂં રે. માતા૦
હોય નસીબ મુજ ક્યાંથી સારાં,
ધીરજ કેમ હું ધારૂં રે. માતા૦
સ્વજન બધાં પણ દુઃખમાં ટાળે
તમ સમકો મળનારૂં રે. માતા૦
કિસ્મત કિનારે ઠાર છે આ ખ્વાર જીંદગી,
હાજર મદદ કરનાર નહિ બેજાર જીંદગી,
મોજા પરે મોજા પડે દુઃખકાર જીંદગી,
સરજનાર એ આધાર કર તું પાર જીંદગી,

૩૮

યમુના— હરિહર મુજ દુઃખને તું હર, હારી હું દુઃખહર શંકર. હરિ.
અનાથ હું અબળાના નાથ ક્યાં ગયા નથી મને તેની ખબર
પતો નથી કંઇ થતો છતો આંખેથી આંસુ વહે ઝરઝર
શોક અથોક થતો મુજને કો જાણે શું થાશે આખર
રોગ વિયોગનો ટાળીને સ્વામીથી મેલાવો સત્વર.

૩૯

મોજીપંત—નાનાને લુંટી સારી રીતે પૈસા ખુબ જમાવું પ્રીતે
પછી મોટા અમીર ગણાઇ જ્યાં જ્યાં હું જાઉં ત્યાંહી,
લુટી ધન, ઝુટી ધન, "સાહેબ આવીયે" "પધારીએ" એમ
થઈ રહેશે; અને આપણે આમ લટકે, મટકે, ચટકે ચાલીશું.
મહાલીશું. અહા, વહા. નાનાને૦ નીતિવાન જનો કહેશે કે
ખોટી રીતે મેળવ્યા દામ "પણ તેથી શું ? "ડોન્ટ કેર"
નાક કટા તો કટા પણ ધીતો ચટા. ઘોડા ગાડી બધે ફરાવું.
લુટી ધન ઝુટી ધન સટક સટક ઉમંગે. નાના૦

૪૦

મોરેશ્વર—"નેમ ન પ્રેમને" કહ્યું કાવ્યમાં
કવીશ્વર શ્રી દલપતરામે
રીતિ પ્રીતિની વિચિત્ર અતિશય, ભેદ ન તેનો કો પામે
રૂપ રંગ જુએ નહીં, જ્ઞાનપર ન દિયે ધ્યાન
આમ પ્રેમ થાય તો બને સદા બનાવ રે
હોય બદસુરતી, અક્કલ ન રતિ, કદી વૃદ્ધપર મોહ પામે
"પ્રેમ આંધળો" એ કહેવત તો પ્રસિદ્ધ છે ગામો ગામે
કરી અનાદર ઇંદ્રનો વરી દમયંતી બાહુક જેવાને
ગદાધારી ભીમ પ્યારધારી પરણ્યા રાક્ષસી
હિડંબાને

૪૧

યમુના—શું આ ઉચ્ચારો, શરમ ન ધારો
શીદ ઘો ડારો, મુજને વૃથા
ડાઘ ગળીનો જાણી જોઇ ન વ્હોરતા
ધર્મ ધારી નીતિ વિચારી ઘો વિસારીઆ. શું આ.
બહુ વખોડાશો જો લોભાશો પસ્તાશો બહુ ફટફટ થાશો
સમજો સમજો કાં નામ ડુબાવો
ધ્યાન કરો જ્ઞાન ધરો લો વિચારીઆ. શું આ

૪૨

સ્ત્રીઓ—આવ્યા આવ્યા મલબારી વહાણ્ મસ્કતી વહાણુંજો
સઢરે સલામત મધશેં નાગરીયા હો રાજ
ભર્યા ભર્યા માફડા મજબુત.
માફડા મજબુત જો
અમેરે જાશું રે વરને સાસરીયે હો રાજ
જાનું છુટીયું વાડીના વડ હેઠ. વાડીના વડ હેઠ જો
અમે રે જાશું વેવાઇને માંડવડે હો રાજ

૪૩

સ્ત્રીઓ—હું તો ત્રીતરાળી ચોરીયે નહી ચડું
ઘડીયે મોડા પરણીશ. ઘડીયે વેહેલા પરણીશ
કે મારા ઘડીયા લગન રે રાયવર
વહી જાયે. કે હું તો ત્રાંબારૂ ચોરીએ
હું ચડું ઘડીયે મોડા પરણીશ કે
ઘડીયે વેહેલા પરણીશ કે મારા
ઘડીયા લગન રે રાયવર વહી જાશેરે.

૪૪

સ્ત્રીઓ—દુધને ચોખા ઓરીયારે માંઈ કઢીયલ દુધ. મારા વાલમારે
વેવાઈ તમને શાબાસ વેવાઈએ લીધું સાબેલું વેવાણે
લીધી ઇશ એ ધડોધડ આવીયારે માંહી છોકરા પાડે
ચીશ મારા વાલમા રે વેવાઇ તમને શાબાશ
વેવાઇએ લીધી લાકડી ને વેવાણે લીધી ખાટ
એ ધડાધડ આવીઓરે છોકરા કરે ફટોફટ. મારા૦

૪૫

યમુના—ધરી સાન મારી વાણી માન હવે છેક તું બન ન નાદાન
નહીં તો નિરવાણ થઇશ હેરાન કાં ખો ભાન ધરી તુ
ગુમાન બની હેવાન. ધરી૦
નાનાસાહેબ—પામીશ દુઃખ ખોઇશ સુખ રોઇશ મૂર્ખ અણજાણ
છું તું ભારે જ્ઞાનિ લીધું બધું જાણી
છેક હવે નવ બાંધ તું તાણી, છોડી હઠ જા માની
યમુના—દુર થા ઓ પાજી, રમે પાપ કેરી બાજી
થશે રામ કેમ રાજી, એથી નુકસાની.

૪૬

યમુના
ગોપીકાબાઇ } બલિહારી નાથ તારી, તુજ ચરણે છે નમન
ભયકારી ને ખુવારી, થયું તેનું રે ગમન
સાચો પિતા તું સહુનો, ગિરિધારી શ્રી મુરારી. બલિ૦
દુઃખોનો બોજો ભારી, તેથી લીધાં ઉગારી.
જગકર્તા જય હિતકારી, જયકારી જાઉં વારી

૪૭

ગંગાધર—મૃત્યુ ભીતિ ન ધરે, શત્રુ સામે ખડગ લે
ધન્ય તે જન છે, જગ વિષે ખરે
શર સરે સરરરરર શીર ચીરે ચરરરરર
રક્તના ધોધ વહે ખર ખર ખર
કરીને કેસરીયા ઝડપથી ઝીપલાવે
મહાન કવિ ગાન તેના ગાવે
રણે મરે પરી વરે સ્વર્ગે ખરે
શરાને હઠીને રવિરથ માર્ગે દે

૪૮

પ્હાડસિંહ—શાંતિ હૃદયની અપૂર્વ સુખ જે આપે તે ધરનારાને.
વિકારને વશ નર, અશ્રુ એથી ખરેખર નવ રસમાં બસ
શાંતરસ તો સરસ પીનારાને તો એમસ આપે એ અંતે યશ
ગાય એના જે કવિ મહાન ખુબ ગાન. શાંતિ.

૪૯

ચંદ્રી—લુટોજી સહુ નિજનું રે વિચારી. વિચારી૦ તન જોબન
નાખું વારી બલીહારી આપ કેરી મનમાં ધારી
અલબેલા રે ઓ છબીલા કરો લૂટ ન્યારી.
છો કામધામ અતિ સુખકારી, લુટો જારી નહીં ખોટ
તોય આવનારી. અવ વેલા રે છૂટી રસ રેલ
લુટ કરો ન્યારી. તન લુટારા આપ સમ ભારી,
શણુગારી અધિક ધો લો આ નારી ઝટ છેલ્લા રે
રમો રતિ ખેલ, લુટ કરો ન્યારી

૫૦

ચંદ્રી—ખીલ્યું ગુલ ભારી, ખુબી ખુબ ન્યારી
શું વરણું વિસ્તારી, ગતિ ગઇ હારી. (૨)
ચાખે ભાવે ભોગી ભ્રમરા, સરસ રસ એ ધારી
લાગી ગુલ દિલદારી
શુદ્ધ બુદ્ધ તનમન તણી વીસારી
પ્રીતિ રીતિ મનમાંહી વિચારી. ખીલ્યું.

૫૧

યમુના—સાસુજી ધારોરે દિલમાં દયા સાહસ નવ દે
અંતે સરસ યશ માટે લાવો મનમાં મયા
શોધ કરાવો મુજ સ્વામીનો ક્રોધી આપ
તો કાં થયા. સાસુજી૦
મુજ મન વાત અશુભ ન માને
એથી છે આપને વિનવ્યારે

અંક ૩ જો

૫૨

આરબો—ગાંજા ચરસ ચલમ સબ આન ધરો
ભંગ ઘુંટ રંગસેં ખુબ કામ કરો
પીર પા પી કે સબ ચકચૂર બનો
ખુશ ઇસસેં દિલકો કરો અપનો
ગજેરી ચરસી ચીલમી ઔર ભંગી
ઇસકી ખુબી જાને જો હો રંગી
કયા ઓરકો ઇસકી મજાકી ખબર
બીન જાને કયોં હો શકે ઇસકી કદર.

૫૩

યમુના—ભાગ્યશાળી સરદાર છો ઇશ્વર છે તુશમાન
મુક્ત કરવે મુખ્ત્યાર છો તો અરજ ધરો મુજ કાન
હું રહું છું આપની નિકટ, કરો મુક્ત સૌજન

૫૪

યમુના—જીવતું શીદ વધુ જગત વિષે નવ જવ શાંતિ આરો દિસે
આધી વ્યાધી ઉપાધી દે પીડા મરણુ માત્ર સુખ કરે.
અત્ર તો મરણ માત્ર સુખ કરે સર્વ સ્થલે સતિ પતિ સંગ શોભે
વિરહ વેદના કરે ખરેખર વિરહ વેદના કરે.

૫૫

ગંગાધર—સુણુ નિશ્ચય પ્યારી મારો જે મનમાં મેં નિરધાર્યો
પત્નીવ્રતમાં લાગ્યો ન્યૂનતા બાંધી પાપ ભારો. સુણુ૦
સ્મરણુ નિશદિન તેનું થાય મન મુજ કે્રૂ એથી મુંઝાય
પ્રીત રીત ચિત નિત્ય ધારીને જોડીને બની રહું તુજ પ્યારો. સુણુ૦

૫૬

ગંગાધર—લેવાદે આલીંગન પ્યારી મારૂં પાપ કરી મુજ ભારી
પ્રેમ નદી સુંદર અતિ સ્વચ્છકર હવશ ગટર અતિ દુઃખકર સુખહર
એમ અનુભવ્યું મુજ નારી. લેવાદે૦ એ અનુભવનો લાભ લઇને
સંગ સદા તુજ સાથ રહીને વાળી દઉં બદલો વ્હાલી. લેવાદે૦

૫૭

યમુના—ઓ ભલા ગૃહસ્થ કંઇ શરમાઓ નવ અઘટિત વાણી ઉચ્ચારો. ઓ૦
પરનારીને કરવા પ્યારી મતિ રહ્યા ધારી. ઓ૦
રીત ન સારી જુઓ વિચારી ધર્મ નીતિ કાં વિસારો.
દુઃખકારી અનર્થ કાં ધાઓ. ઓ૦

૫૮

ગંગાધર—આ મૂર્છિત જોઇ જીવ ઉડી મુજ જાય
મુંઝાય વહેમાય ભરમાય
ચક્ષુઓ ઉઘાડ શાંતિ તો પમાડ
તનની મનની અનની ધનની
શુદ્ધ ખોઇ જોઇ જોઇ બળે કાય આ૦
હું છું ભારી, અવિચારી, નવ ધારી મતિ સારી
કૃતિ મારી ખારી
દયા તું ધરી, ક્ષમા દે કરી, પાપ હર હરી
સુખદા તું સદા યશદા યમુના
તુજના વિયોગે મહા દુઃખ થાય. આ૦

૫૯

જોગણ—પીયો પ્યાલા પ્રેમ રસના

વહ્યો જાત હે નીર. ચલ્યો જાત હે નીર. પીયો૦
ગંગા જમના સરસ્વતિ ને જાકો નિર્મલ નિર,
પી લીયા સો આપના જાય સિંધુને તીર. પીયો.
આળ પંપાળ તું છોડી દે મનવા. દિલમાં રાખો ધીર
આ અવસરીયો વારે વારે ન આવે સમજ લે મનદીર. પીયો.
સબ દેવનકો દેવ કનૈયા સબ પીરનકો પીર
તુલસીદાસ રઘુવીર ચરણે, સાધુ સુખ કેરાં તીર. પીયો૦

૬૦

યમુના—સુણી લીજે સુણી લીજે
કરૂં છું હું અરજી જે ધ્યાન આપી જે—
આપસમ સજનના દર્શન વણુ મમ
કેમ જવી પળ પ્યારી જે
ગંગાધર—આવી હું મળીશ વેલો, બન્યો છું હું પ્રેમ ઘેલો
જાણી લે માની લે હું તુજ અલબેલો.
ખટકો મન તણો મેલો.
યમુના—પુરી પતીજ પડયા વણુ ક્યમ કહી જે
ગંગાધર—અલગ રહું નવ તમ થકી અવ હું
સંગ રહું પ્રિય પ્રાણ
ભુત કાલની ભૂલ જે, સુધારૂં ભવિષ્યમાં જાણુ
યમુના—ધરી જે કૃપા ફરી મળી જે
ગંગાધર—સમજ્યો સર્વ સુજાણ
યમુન—ધરી જે કૃપા ફરી મળીજે
ગંગાધર—પ્યારી મારી પ્રીતિ ધરીજે
યમુના—સુણી લીજે સુણી લીજે

૬૧

મેપલો } —અહાહાહા આજ થાશે
તજીઓ } પાપ નાશ, એ આશ વાવાવાવા આજ થાશે.

તન મનથી ફેલાવી સહુ ગુણો સુખદાઇ
જગમાંહી સવાઇ, રહે ગવાઇ. અહાહાહા૦
બદી દુર જગથી કરવા ન ધરો પરવા
પ્રાણુ કેરી, એજ પ્રેરી, મતિએરી. અહાહાહા૦

૬૨

ચંદ્રી—બની રસીલી રંગીલી હું ખરેખરી
થઇ છબીલી છકેલી મદ થકી ભરી. બની૦
નરતાં રે કરતાં કૃત્યો અતિશે
તવ ન ધરી મેં લોક લજ્જા લેશે.
તેમ જ કર્તાના કોપ કેરો જરીયે વિચાર ધાર્યો ના દીલમાં

૬૩

ગોપિકા બાઇ—વિખુટી પડી વહાલાથી મુઝવણુ લાગે
મુઝવણુ લાગે મુઝવણુ લાગે. વિખુટી.
ચેન ચિતમાં નવ, ધીર ન રહે અવ
મોતે મળે ન માગે. વિખુટી.
સુખ દુઃખ સમ ભાસે, વિરહની આગે.
વિરહની આગે, વિરહની આગે. વિખુટી.
દૈવત તે સ્ત્રીનું છે, શોભે પતિની સંગાથ
પતિ જોતાં દુઃખ ભાગે. વિખુટી૦

૬૪

ચંદ્રી—આવો સહુ આવો માને ભોગ ધરાવો
ભોગ ધરાવો માને ભોગ ધરાવો. આવો.
આધશક્તિની આરતી કરીએ
ગાઓ સહુ ઉમંગે ગીતડાં ગાઓ. ભોગ.
નમન ચરણુકમળે જઇ કરીએ
મનવાંછીત ફળ એથી મિલાવો. આવો.

૬૫

ગંગાધર—મુજના મનની સ્થિતિ ત્યારે
જાણો ન્યારી હતી બારે

વિધવિધ અનુભવ થતાં વિશ્વનો
વિચારમાં વિચર્યો તો
એવામાં પીડ પેખી પત્નીની
દિગ્મુઢ થઈ હું ગયોતોરે—મુજના

૬૬

સર્વે—આ સુખકર દુઃખહર શુભકર મનહર
આખર છે નરનાર
શ્રીકાર ખુબીદાર શુદ્ધસાર વિચાર. આ.
નીરખી નાટક નવલ જનમન ખુશી વસી
હસી હસી હસી.
યમુના સુશીલ જે સાચવીને શીલ તે
પામી પતિ અંતે સુખદ યશદ સંસારે
રમણુ ભ્રમણુ પસંદ
વિપદા ન દુઃખડાં ગમન તદન
અવ તો સદા આ અમન ચમન
રાજદ્રોહી દેવીશીંગ થયો અંતે ખુવાર. આ.
અંગ્રેજી અમલ તણો, યશ વિમલ ઘણેરા
કૃપા દ્રષ્ટી કરીને વિભુ
વિનતિ સુણી જે હિંદવાનોની
રહો હિંદમાં બ્રિટિશ રાજ સ્થાયી
પ્રજા જનને સુખદાઇ, એ ઇચ્છા ઉરે સમાઇ સદા
તે તતત થૈ તતા થૈ થૈ થા ધીના
ધુમકીડ ધુમકીડ ધુમકીડ ધુમકીડં થૈ થૈ થા
ના દર દર તનુમ તના દેરે નાતદારેદાની
દીયાના તનુમ તન દેરેના તદીમ
સારી ગમ ગાઇ, ચિત પ્રીત નિત્ય ચાહી
સદાઇ જે સુખદાઇ. આ.

(સમાપ્ત)